# બનાસકાંઠાનું ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૭૩.૪૨ ટકા પરિણામ

**એકપણ છાત્રએ એ-વન ગ્રેડમાં સ્થાન પ્રાપ્ત ન કર્યું : પાલનપુર કેન્દ્રનું સૌથી વધુ ૭૭.૮૮ સૌથી ઓછુ ડીસા કેન્દ્રનું ૫૬.૬૫ ટકા પરિણામ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૮માં લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં બનાસકાંઠા જિલ્લાનું પરિણામ ૭૩.૪૨ ટકા રહ્યું હતું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૮માં લેવાયેલી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું પરિણામ ગુરુવારે સવારે ૧૦.૦૦ કલાકે વેબસાઈટ ઉપર જાહેર કરાયું હતુ. જ્યાં બનાસકાંઠા જિલ્લાના મોટાભાગના છાત્રોએ નેટ ઉપર જ પરિણામ જોયું હતુ. જિલ્લાનું પરિણામ ૭૩.૪૨ ટકા રહ્યું હતું. જેની સાથે જિલ્લો સમગ્ર રાજ્યમાં ૧૮માં ક્રમે રહ્યો છે. જેમાં જિલ્લામાં સૌથી વધુ પાલનપુર કેન્દ્રનું પરિણામ ૭૭.૮૮ ટકા અને સૌથી ઓછુ ડીસા કેન્દ્રનું ૫૬.૬૫ ટકા રહ્યું છે. ધાનેરા કેન્દ્રનું ૭૬.૮૪ અને થરાદનું ૬૭.૮૯ ટકા અને ભાભર કેન્દ્રનું ૭૨.૧૬ ટકા પરિણામ રહ્યું છે. જોકે, આ વર્ષે એ-વન ગ્રેડમાં એકપણ પરિક્ષાર્થી આવ્યો નથી.

**૧૦ પરીક્ષાર્થીઓના પરિણામ પેન્ડિગ**

બોર્ડની પરીક્ષામાં સીસીટીવી કેમેરા તેમજ ટેબ્લેટથી મોનોટરિંગ કરાયું હતું જે દરમિયાન કોપી કરતા ઝડપાયેલા દસ પરીક્ષાર્થીઓના પરિણામ પેન્ડિંગ રાખવામાં આવ્યા છે.

# સાબરકાંઠાનું ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૬૫.૪૦ ટકા પરિણામ

**એ-૧ ગ્રેડમાં ફક્ત એક વિદ્યાર્થી ઉત્તીર્ણ : ૧૧૯૦ વિદ્યાર્થીઓ નાપાસ જાહેર થયા : ઈડર કેન્દ્રનું સૌથી વધુ ૬૯.૦૪ ટકા પરિણામ**

**કયાં સેન્ટરનું કેટલા ટકા પરિણામ**

| | |
|---|---|
| હિંમતનગર | ૬૪.૦૭ |
| ઈડર | ૬૯.૦૪ |
| વડાલી | ૬૪.૯૯ |
| તલોદ | ૬૬.૦૮ |

હિંમતનગર, તા. ૧૦

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૮માં લેવાયેલી ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહનું ગુરૂવારે પરિણામ જાહેર થયુ છે. જેમાં સાબરકાંઠાના ચાર કેન્દ્રમાંથી ૩૪૩૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગુરૂવારે જાહેર થયેલા પરિણામમાં સાબરકાંઠા જિલ્લામાંથી ફક્ત એક જ વિદ્યાર્થીએ એ-૧ ગ્રેડ મેળવ્યો છે. જોકે આ વર્ષે ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૧૯૦ વિદ્યાર્થીઓ નાપાસ જાહેર થયા છે.

ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની માર્ચ ૨૦૧૮માં સાબરકાંઠાના મળી ચાર કેન્દ્રો પર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા લેવાઈ હતી. જેમાં કુલ ૩૪૩૬ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જે પૈકી ૩૪૩૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે બે વિદ્યાર્થીઓએ ગમે તે કારણસર પરીક્ષામાં ગેરહાજર રહ્યા હતા. જિલ્લામાં ગત વર્ષની જેમ આ વર્ષે પણ સીસી ટીવી કેમેરા અને બોર્ડ દ્વારા નિમણુંક કરાયેલ અધિકારીઓની નિગરાનીમાં પરીક્ષા શાંતિપૂર્ણ રીતે યોજાઈ હતી. જેના કારણે કોપી કેસની સંખ્યામાં ઘટાડો જરૂર નોંધાયો છે. પરંતુ સીસી ટીવી ફુટેજને આધારે ગેરરીતી કરનાર વિદ્યાર્થીઓના પરીણામ રીઝર્વ રખાયા છે. સાબરકાંઠા જિલ્લાનું એકંદરે પરિણામ ૬૫.૪૦ ટકા આવ્યુ છે.

**કયાં ગ્રેડમાં કેટલા વિદ્યાર્થીઓ**

| | |
|---|---|
| એ-૧ | ૧ |
| એ-૨ | ૧૬ |
| બી-૧ | ૧૦૬ |
| બી-૨ | ૨૬૮ |
| સી-૧ | ૪૭૦ |
| સી-૨ | ૮૩૨ |
| ડી- | ૫૩૭ |
| ઈ-૧ | ૧૬ |
| એન.આઈ. | ૧૧૯૦ |

# અરવલ્લી જિલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૬૨.૯૩ ટકા પરિણામ

**જિલ્લામાં ગત વર્ષ કરતા ૧૦ ટકા પરિણામ ઓછુ : એક પણ વિદ્યાર્થીને એ-૧ ગ્રેડ નહિ મળતા નિરાશા**

ગુજરાત રાજ્યમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાના ગુરૂવારે જાહેર થયેલા પરિણામમાં અરવલ્લી જિલ્લામાં ગત વર્ષ કરતા ૧૦ ટકા જેટલુ ઓછુ પરિણામ આવતા વિદ્યાર્થીઓ સહીત વાલીઓમાં ભારે નિરાશા ફેલાઈ હતી. જિલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ફક્ત ૬૨.૯૩ ટકા જાહેર થયા બાદ વિદ્યાર્થીઓમાં કહી ખુશી કહી ગમ જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. જિલ્લાનો એક પણ વિદ્યાર્થીને એ-૧ ગ્રેડ નહિ મળતા શિક્ષણ નગરી મોડાસા શહેર જિલ્લામાં ભારે નિરાશા જોવા મળી હતી.



અરવલ્લી જિલ્લામાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પરિણામ જાહેર થતા ભારે ઉત્તેજના સર્જાઈ હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓ વહેલી સવારથી પરિણામ માટે આતુરતાનો અંત બોર્ડની વેબસાઈટ પર પ્રસિદ્ધ થતા જ આવી ગયો હતો. અરવલ્લી જિલ્લામાં ગત વર્ષ કરતા દસ ટકા જેટલુ પરિણામ ઓછુ આવ્યુ હતુ. ૬૨.૯૩ ટકા પરિણામ જાહેર થતા અને વિદ્યાર્થીઓની સરેરાશ ટકાવારીમાં પણ નોંધપાત્ર ઘટાડો થતા વિદ્યાર્થીઓ અને વાલીઓ સહીત શાળાના સંચાલકોમાં ભારે નિરાશા જોવા મળી હતી. જિલ્લામાં એક પણ વિદ્યાર્થી એ-૧ ગ્રેડ રેન્ક પ્રાપ્ત કરી શક્યો ન હતો. જિલ્લામાંથી ૧૫ વિદ્યાર્થીઓને એ-૨ ગ્રેડ, બી-૧ ગ્રેડમાં ૭૮ વિદ્યાર્થીઓ અને ૧૮૪ વિદ્યાર્થીઓએ બી-૨ ગ્રેડ પ્રાપ્ત કરવામાં સફળ રહ્યા હતા. મોડાસા કેન્દ્રનું સૌથી વધુ ૬૫.૭૮ ટકા પરિણામ આવ્યુ હતુ જ્યારે સૌથી ઓછુ ભિલોડા કેન્દ્રનું ૪૪.૪૧ ટકા પરિણામ આવ્યું હતું. જ્યારે બાયડ કેન્દ્રનું ૬૨.૬૨ ટકા પરિણામ જાહેર થયું હતું.

## ભિલોડા કેન્દ્રમાં એન.આર.એ. વિદ્યાલયનો વિદ્યાર્થી પ્રથમ

**ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ ભિલોડા કેન્દ્રનું જીલ્લામાં સૌથી ઓછું ૪૪.૪૧ ટકા પરીણામ**

ભિલોડા, તા.૧૦

અરવલ્લી જીલ્લામાં ધોરણ.૧૨ વિજ્ઞાન પ્રવાહનું ૬૨.૯૩ ટકા પરીણામ આવતાં વિદ્યાર્થીઓ અને વાલીઓમાં વાલીઓમાં કહીં ખુશી કહી ગમનો ટકા પરીણામ આવતાં ભારે નિરાશા વ્યાપી ગઈ હતી. ભિલોડા કેન્દ્રમાં એન.આર.એ. વિદ્યાલયનો વિદ્યાર્થી હિત દિનેશભાઈ પટેલ ધોરણ.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં પ્રથમ આવતાં આનંદની લાગણી પ્રસરી ૮૬.૩૩ ટકા મેળવી એન.આર.એ. વિદ્યાલયનું ગૌરવ વધાર્યું હતું. ધોરણ.૧૨ વિજ્ઞાન પ્રવાહનો વિદ્યાર્થી હિત પટેલના પિતા દિનેશભાઈ પટેલ ગરમ મસાલાની છુટક ફેરી કરી



માહોલ સર્જાયો હતો. ભિલોડા તાલુકામાં ધોરણ.૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ જાહેર થતાં ભારે ઉત્તેજના સર્જાતાં અત્રે ઉલ્લેખનીય છે કે વિદ્યાર્થીઓ અને વાલીઓ વહેલી સવારથી જ પરીણામ મેળવવાની આતુરતાનો આખરે અંત આવતાં બોર્ડની વેબ સાઈટ પરથી પરીણામ જાહેર થતાં વિદ્યાર્થીઓએ હાશકારો અનુભવ્યો હતો. અંકદંરે પરીણામ ઓછું આવતાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળા સંચાલકોમાં ભારે નિરાશા જોવા મળી હતી. અરવલ્લી જીલ્લામાં સૌથી ઓછું પરીણામ ભિલોડા કેન્દ્રનું ૪૪.૪૧ હતી. જન સેવા સંઘ, પ્રમુખ ગીરીશભાઈ ઉપાધ્યાય,ઉપપ્રમુખ રોહિતભાઈ ત્રિવેદી, મંત્રી ભુપેન્દ્રભાઈ પંડ્યા, શિક્ષકો, રીતેશભાઈ પટેલ, રાકેશભાઈ પટેલ, કલ્પેશભાઈ પંચાલ, દિનેશભાઈ ડાભી સહિત સ્ટાફ પરીવારએ ઝળહળતી સિધ્ધી હાંસલ કરનાર વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. ભિલોડા કેન્દ્ર પ્રથમ નંબરે ઉર્તીણ થઈ વિરાટ સિધ્ધી હાંસલ કરનાર એન.આર.એ. વિદ્યાલયનો ધોરણ.૧૨ વિજ્ઞાન પ્રવાહનો વિદ્યાર્થી હિત દિનેશભાઈ પટેલએ પર્સન્ટાઈલ રેન્ક ૯૬.૧૫ અને પરીવારનું ગુજરાન ચલાવી રહ્યા છે. માતા મનીષાબેન પટેલ આંગણીવાડીમાં કાર્યકર તરીકે ફરજ બજાવે છે.

હિત રોજે-રોજ અંદાજીત ૬ કલાકનું વાંચન કરતો હતો. એન્જીનીયરીંગ કરવા માગે છે. ભિલોડા કેન્દ્રમાં પ્રથમ ક્રમે ઉર્તીણ થવામાં માતા-પિતાનો ફાળો અમુલ્ય રહ્યો છે. આર્થિક રીતે સામાન્ય પરીવારમાંથી આવતા વિદ્યાર્થીએ ધોરણ.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભિલોડા કેન્દ્રમાં ઝળહળતી સિધ્ધી હાંસલ કરતાં પરીવારજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.

### મોડાસાના આનંદપુરા કંપા નજીક અજાણ્યા વાહનની અડફેટે વૃદ્ધાનું મોત

અજાણ્યા વાહને બુધવારના સાંજના ૬ વાગ્યાના સમયે માલપુર તાલુકાના સજ્જનપુરા કંપાના રહેવાસી ચંદાબેન શાંતિલાલ પટેલ ઉ.વ. ૬૨ વર્ષના રોડ પર જઈ રહ્યા હતા તે અરસામાં અજાણ્યા વાહને અડફેટે લેતા ચંદાબેનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યુ હતુ.

## ખેડબ્રહ્મામા બાઈકચાલક પર કાર ફરી વળતા એકનું મોત

ખેડબ્રહ્મામાં શહેરમાં બપોરના સમયે એપીએમસીના કર્મચારી બાઈક પાર જતા હતા ત્યારે કાર ચાલકે દરવાજો ખોલી નાખતા બાઈક ચાલાક તકરાઈને પડી જતા બીજી કાર તેન ઉપર ફરી વળતા બાઈક સવારનું મોત નીપજ્યું હતું.

ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશન થી મળતી વિગતો અનુસાર બપોરના સમયે ખેડબ્રહ્મા પેટ્રોલપંપ પાસે એપલ સિનિમાની સામે એક ક્રુઝર ગાડી જતી હતી તેની. પાછળ બાઈક અને. પાછળ એક બીજી કાર જતી હતી તે સમયે ક્રુઝર ગાડી ન. જી.જે.૯ બીએફ ૬૬૯૨ ના ચાલકે બેદરકારીથી ગાડી રોડ ઉપર ઉભી રાખી ડ્રાઈવર સાઈડનો દરવાજો ખોલી નાખતા પાછળ થી આવતા એપીએમસી ના કર્મચારી રાહુલભાઈ મણીભાઈ પટેલ રહે . રુદ્રમાળા, બાઈક ન. જી.જે.૯ સીવી ૪૭૮૨ લાઈ આવતા હોઈ દરવાજા સાથે ટાકારતા રોડ ઉપર નીચે પડી ગયા હતા પાછળથી આવતી હુંડાઈ કાર ન. જીજે.૯ એજી.૨૭૬૬ ના ચાલકે પોતાની ગાડી પુર ઝડપે અને ગફ્લતભરી રીતે હંકારી નીચે પડેલ મોટર સાયકલ ચાલક ઉપર ચડાવી દઈ બનને કાર ચાલકો ફરાર થઈ ગયા હતા. જે દરિમયાન ગાયલ રાહુલભાઈના ગળા ના ભાગે લોહી નીકળતું હોઈ રિક્ષામાં જનરલ હોસ્પિટલ લાઈ જવામાં આવ્યા હતા. જ્યાં ઈજાઓ વધુ હોય ડૉક્ટરે રીફસર કરતા ઈડર જતા રસ્તામાં મરણ ગયા હતા.

## પાલનપુરમાં માત્ર ૩૭૦ રૂપિયામાં વિજ્ઞાન પ્રવાહના પાઠ ભણાવતી સરકારી શાળાનું પરિણામ ૭૨.૭૨ ટકા

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવાયેલી વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનુ પરિણામ આજે જાહેર કરવામાં આવ્યું હતું . સરહદી બનાસકાંઠા જીલ્લામાં ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૭૩.૪૨ ટકા પરિણામ આવ્યું છે.ગતવર્ષની સરખામણીએ ઘણું ઓછું પરિણામ આવ્યું છે. ૨૦૧૭માં ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૫.૮૬ ટકા હતું જયારે A1 ગ્રેડમાં ૧૩ વિદ્યાર્થીઓ આવ્યા હતા. જોકે ચાલુ વર્ષે લેવાયેલી પરીક્ષામાં ૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામમાં A1 ગ્રેડ માં એકપણ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો નથી.

હરીફાઈની દોડમાં વિજ્ઞાન પ્રવાહમાં પ્રવેશ માટે લાખો રૂપિયાની ફી લેતી જાણીતી સંસ્થાઓનો એક પણ વિદ્યાર્થીને A1 ગ્રેડ પ્રાપ્ત કર્યો નથી જયારે ૮૧ થી ૯૦ ટકા વચ્ચે એટલે કે A2 ગ્રેડમાં ૪૩ વિદ્યાર્થીઓ એ સ્થાન મેળવ્યું છે. ચાલુ વર્ષે જીલ્લાના ૪ હજાર કરતા વધારે વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. ત્યારે વિદ્યાર્થીઓનુ ભાવિ આજે શિક્ષણ બોર્ડ દ્વારા સવારે ૧૦ વાગે વેબસાઈટ પર મુકવામાં આવ્યું હતું .જેમાં બનાસકાંઠા જીલ્લા નું ૭૩.૪૨ ટકા વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર થયું હતું જીલ્લા માં છ૧ માં એકપણ વિધાર્થી નથી , A2 માં ૪૩, B1 માં ૨૧૦ , B2 માં ૪૫૮ , C1 માં ૮૧૬ , C2 માં ૧૨૩૬, D માં ૫૭૬, E1 માં ૮ વિધાર્થીઓનું પરિણામ જાહેર થયું છે. જેમાં પાલનપુર સેન્ટર નું ૭૭.૮૮, ડીસા સેન્ટર નું ૫૬.૬૫ ટકા ,ધાનેરા સેન્ટરનું ૭૬.૮૪ ટકા, થરાદ સેન્ટરનું ૬૭.૮૯ ટકા, ભાભર સેન્ટરનું ૭૨.૧૬ ટકા પરિણામ રહ્યું છે. બનાસકાંઠા જીલ્લામાંથી ૪ હજાર કરતા વધારે વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.બનાસકાઠા જીલ્લા માં સાયન્સપ્રવાહ માં A1 ગ્રેડ માં એક પણ વિધાર્થીએ સિદ્ધિ હાંસલ કરી નથી.

જીલ્લા શિક્ષણ અધિકારી એચ.એલ.રાવલ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યું હતુંકે બનાસકાંઠામાં પાલનપુર, લાખણી, દિયોદર, સુઈગામ અને અમીરગઢ ની સરકારી શાળાઓના વિજ્ઞાન પ્રવાહના સારા પરિણામની ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતુંકે પાલનપુર સરકારી શાળામાં આવેલું શ્રેષ્ઠ વિજ્ઞાન પ્રવાહના પરિણામે જીલ્લાની ખાનગી શાળાને લપડાક મારી છે તેમજ વધુમાં તેમણે જણાવ્યું હતુંકે વાલીઓએ પોતાના સંતાન માટે લાખો રૂપિયા ખર્ચી ને ખાનગી શાળાઓમાં વિજ્ઞાન ના પાઠ ભણવાને બદલે સરકારી શાળામાં પ્રવેશ મેળવવા અનુરોધ કર્યો હતો.

જીલ્લા મથક પાલનપુરમાં આવેલી સરકારી ઉચ્ચતર માધ્યમિક શાળાનું વિજ્ઞાન પ્રવાહનું ૭૨.૭૨ ટકા પરિણામ આવ્યું છે. ગતવર્ષે જ શાળાને વિજ્ઞાન પ્રવાહની મંજૂરી મળી હતી. પ્રથમ બેચ નું પરિણામ જાહેર થતા લાખો રૂપિયા લેતી વિજ્ઞાન પ્રવાહની ખાનગી શાળાઓને પણ પાછળ પાડી દીધી છે. માત્ર ૩૭૦ રૂપિયામાં વિજ્ઞાન પ્રવાહના શાળામાં પાઠ ભણાવતી સરકારી શાળાઓમાં કન્યાઓને મફત શિક્ષણ આપવામાં આવે છે. ઉલ્લેખનીય છેકે આ પાલનપુરની સરકારી શાળામાં ગુજરાતના ખ્યાતનામ લેખક ચંદ્રકાન્ત બક્ષી, શુન્ય પાલનપુરી, ભુતપૂર્વ નાણાપ્રધાન બી.કે.ગઢવી, ભુતપૂર્વ રાજયસભા સાંસદ લેખરાજ બચાણી, હાર્ટ સ્પેશિયાલિસ્ટ ડો.બુરાનપુરી જેવા વિશિષ્ટ મહાનુભાવો પણ અભ્યાસ કરી ચુક્યા છે.

**સુજલામ સુભલામ જળસંચય અભિયાન અંતર્ગત**

## મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના બાંઠીવાડા ગામની મુલાકાતે

મેઘરજ, તા. ૧૦

આજરોજ મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના બાંઠીવાડા ખાતે જિલ્લા જળસ્ત્રાવ એકમ દ્વારા જળ અભિયાન અંતર્ગત ચાલતા રીવર રિજ્યુવેનિશન કાર્યક્રમ અંતર્ગત જિલ્લાના ૩૯૨ કામો પૈકી બાંઠીવાડા ખાતે ચારીયા રીજ્યુવેનીશન કામ બાંઠીવાડા ગામેડુ તળાવ ખાતે શરૂ કરવામાં આવ્યું હતું.

જેમાં જિલ્લા જળસ્ત્રાવ એકમ દ્વારા લોકભાગીદારી તથા સ્વૈચ્છીક સંસ્થાઓના સહયોગથી આ કામ કરવામાં આવ્યું છે. જેમાં ૪૦૦ શ્રમીકો જે.સી.બી., ટ્રેક્ટર જેવી મશિનરી દૈનિક કામ કરશે અને આ કાર્યક્રમ દરમિયાન સંવેદના વ્યક્ત કરતા મુખ્યમંત્રીના હસ્તે શ્રમિકોને આ કાળઝાળ ગરમીમાં ઠંડા છાશના પાઉચ વીતરણ કરવામાં આવ્યા. આ પ્રસંગે મુખ્યમંત્રી દ્વારા સભા સંબોધન કરવામાં આવ્યું હતું. જિલ્લામાં આવા ૩૯૨ કામો આ જિલ્લામાં થનાર છે તે પૈકી ૧૧૬ ગામોના કામો ચાલી રહ્યા છે. આ અભિયાન દ્વારા જિલ્લામાં ભવિષ્યની ચિંતા કરતી સરકાર દ્વારા



જળસંચયના સ્ત્રોત વધારાશે અને સિંચાઈ માટેના સ્ત્રોત વધશે તો ખેતી વધશે અને આજ રીતે રાજ્યભરમાં વૃક્ષારોપણનું પણ આગામી દિવસોમાં અભિયાન ચલાવાશે તેમ જણાવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા સંગઠન પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, જિલ્લા ભાજપા પ્રમુખ રણવીરસિંહ ડાભી, જિલ્લા પ્રભારી મંત્રી રમણલાલ પાટકર, પૂર્વ વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરા, સાબરકાંઠા-અરવલ્લી સાંસદ દીપસિંહ રાઠોડ, જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ, એસ.એમ. ખાટ, બક્ષીપંચ મોરચા પ્રમુખ ભીખાજી ડામોર, મોડાસા નગરપાલિકા પ્રમુખ શ્રીમતિ વનિતાબેન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સૌનો સાથ સૌનો વિકાસને સાર્થક કરતા બહોળી સંખ્યામાં પ્રજાજનો મુખ્યમંત્રીને સાંભળવા ઉપસ્થિત રહ્યા હતા.

## હિંમતનગર સિવિલમાં સારવાર લેવા આવતા દર્દીઓ માટે ટોકન પદ્ધતિ

**આગામી એકાદ મહિનામાં કોઈપણ દર્દી ઓનલાઈનથી કેસ નોંધાવી શકશે**

**બિમાર દર્દીઓ માટે બેઠક વ્યવસ્થા રહેશે : દર્દીનો નંબર સ્કીન પર દેખાશે**

હિંમતનગર, તા. ૧૦

હિંમતનગરના ગઢોડા રોડ પર કરોડો રૂપિયાના ખર્ચે બનાવાયેલ સિવિલ હોસ્પિટલમાં અદ્યતન સગવડો સરકાર દ્વારા ઉભી કરાઈ હોવાને કારણે રોજબરોજ જિલ્લાના અનેક સ્થળેથી દર્દીઓ સારવાર લેવા આવે છે ત્યારે તેમને કોઈ તકલીફ ન પડે તે માટે સિવિલના સત્તાવાળાઓ દ્વારા કોઈપણ દર્દીએ કાઉન્ટર પર પોતાનુ નામ નોંધાવ્યા બાદ તેને ટોકન આપવામાં આવશે. આ પદ્ધતિને કારણે દર્દીઓને ખુબ જ સગવડ મળી રહેશે. અને લાઈનમાં ઉભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે.

આ અંગે સિવિલ સર્જન ડૉ. જયંત ઉપેરીયા તથા અન્ય અધિકારીઓના જણાવાયા મુજબ હિંમતનગરમાં અત્યાર સુધી બજાર વિસ્તારમાં સિવિલ હોસ્પિટલ કાર્યરત હતી. પરંતુ વર્ષો અગાઉ સ્થાનિક પૂર્વ ધારાસભ્ય પ્રફુલ પટેલે રાજ્ય સરકારમાં કરેલી રજુઆત બાદ તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ હિંમતનગરમાં અદ્યતન હોસ્પિટલ તથા મેડીકલ કોલેજ બનાવવા માટે અંદાજે રૂ. ૭૫૦ કરોડનો ખર્ચ કરાયા બાદ આ સિવિલ હોસ્પિટલ અત્યારે હિંમતનગરના ગઢોડા રોડ પર કાર્યરત છે. જ્યાં રોજબરોજ સાબરકાંઠા અને રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાંથી જરૂરીયાતમંદ દર્દીઓ સારવાર લેવા માટે આવે છે.

જેથી સિવિલના સત્તાવાળાઓ દ્વારા સારવાર લેવા આવતા દર્દીઓ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાની પદ્ધતિ અમલી બનાવી દેવામાં આવી છે. જેથી કોઈપણ દર્દી સિવિલના કાઉન્ટર પર આવ્યા બાદ પોતાનું નામ અને સરનામુ લખાવી દીધા બાદ તેને ટોકન આપવામાં આવશે. અને જ્યાં નંબર આવશે ત્યારે ટીવી સ્કીન પર તે નંબર દેખાશે. તથા માઈક દ્વારા જાહેર કરવામાં આવશે. જેથી દર્દીઓને લાઈનમાં ઉભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે. આગામી સમયમાં સિવિલના સત્તાવાળાઓ દ્વારા સારવાર લેવા આવતા અગાઉ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકાય તે માટેનું આયોજનને આખરી ઓપ અપાઈ રહ્યો છે. જ્યારથી તે પદ્ધતિ અમલી બનશે ત્યારે રજીસ્ટ્રેશન કરાવનાર દર્દીને ડૉક્ટર ક્યારે મુલાકાત આપશે તેનો સમય પણ જણાવવામાં આવશે.



## થેરવાડા પાસે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત : મહિલાના પગ કપાયા

બનાસકાંઠામાં લગ્નસરાની સીઝનમાં અકસ્માતોની ઘટનાઓમાં પણ ચિંતાજનક હદે વધારો થઈ રહ્યો છે. આજે ડીસા તાલુકાના થેરવાડા નજીક પણ વધુ એક અકસ્માત સર્જાયો છે. આજે થેરવાડાથી ધાનપુર જતા રોડ પર ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક પર સવાર મહિલાના પગ કપાઈ ગયા હતા. જ્યારે બાઈક ચલાવતા તેણીના પતિને પણ ઈજાઓથી હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલી મહિલાને વધુ સારવાર માટે પાલનપુર ખસેડાઈ હોવાનુ જાણવા મળ્યુ છે. આ અકસ્માત બાદ ટ્રકચાલક ટ્રક મુકીને ફરાર થઈ ગયો હોઈ ડીસા તાલુકા પોલીસે ટ્રક ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.